SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં ટેકનોલોજીનો વિનિયોગ

*વાઘેલા ગભરુ બી*

*સારાંશ:*

*લોકસાહિત્ય શિષ્ટ સાહિત્યની જનની છે. શિષ્ટ સાહિત્ય લેખનની પ્રેરણા લોકસાહિત્યમાંથી સાંપડી છે. આ લોક સાહિત્ય સંશોધન સંપાદનની પ્રવૃત્તિ ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગ અને તે પૂર્વે થતી હોવાના પ્રમાણભૂત ગ્રંથો પણ મળ્યા છે. તે સમયથી લઈ અને આજ સુધી ગુજરાતી લોકસાહિત્યના સંશોધન સંપાદનની આખી પરિપૃષ્ઠ પરંપરા મળે છે. ગુજરાતી લોકસાહિત્યમાં પારસીઓથી લઈ મેઘાણી પૂર્વે અને મેઘાણીના યોગદાનથી ગુજરાતી લોકસાહિત્યને સમૃદ્ધિ મળી છે, ત્યાર પછી પણ જયમલ્લ પરમાર, પુષ્કર ચંદરવાકર, શાંતિલાલ આચાર્ય, જોરાવરસિંહ જાદવ, ભગવાનદાસ પટેલ વગેરેથી લઈને વર્તમાન સમયમાં પણ સંશોધકો સંપાદકોએ ગુજરાતી લોકસાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તો આ સંશોધન અને સંપાદનમાં હાલના સમયમાં ટેકનોલોજીનો વિનિયોગ દિવસેને દિવસે વધી રહ્યો છે ત્યારે લોકસાહિત્યના સંશોધન સંપાદનમાં ટેકનોલોજીનો વિનિયોગ કેવો અને કેટલો છે? તેની વાત કરવાનો અહીં આશય રહ્યો છે.*

*ચાવીરૂપ શબ્દો: લોકસાહિત્ય, સંશોધન, સંપાદન, ટેકનોલોજી, દશ્ય– શ્રાવ્ય*

ગુજરાતી લોકસાહિત્ય સંશોધન સંપાદનમાં મેઘાણી અને તેના પૂર્વેના લોકસાહિત્યના સંશોધક-સંપાદકે સંશોધન કાર્યમાં ઘણી મુશ્કેલીઓ અને સમસ્યાઓનો સામનો કરવો પડતો. તે સમયે લોકસાહિત્ય સંશોધન, સંપાદનમાં ઉપયોગી એવી ખાસ ટેકનોલોજીના અને માહિતી તકનિકના સાધનો ઉપલબ્ધ ન હોવાથી કે આ માધ્યમોનો વિકાસ ન થયો હોવાથી સંશોધન કાર્ય મુશ્કેલ હતું. પૂર્ણ રીતે શાસ્ત્રીય અને શુદ્ધ કાર્ય મુશ્કેલ હતું. આ સમયમાં લોકસાહિત્યનો કોઈ પાઠ, લોકવાર્તા, કે ગીત સાંભળીને નોટ-પેનથી લખીને કાર્ય કરવામાં આવતું. જેથી તેની પૂર્ણશાસ્ત્રીયતા અને શુદ્ધતામાં કેટલીક મર્યાદાઓ રહી જતી. ઘણીવાર સંશોધકના પોતાના વલણો પૂર્વગ્રહો અને કલ્પનાઓ પણ ભળી જતા. જે શાસ્ત્રીય લોકસાહિત્યના સંશોધન, સંપાદનની મર્યાદાઓ બનતી. ઉપરાંત લોકસાહિત્યના સંશોધન– સંપાદનમાં તટસ્થતા,પ્રમાણભૂતતા અને તાદશ્યતાનો કેટલાક અંશે અભાવ રહી જતો હોય તેવો ખ્યાલ આવે છે. પરંતુ આ સમયમાં જે સંશોધન કાર્ય થતું તે સમય અને સંજોગોના પ્રમાણમાં ધૂળ ધોયાનું ગણાવી શકાય. યુગ અને કાળ પ્રમાણે યોગ્ય સમયે આ સંશોધન થયું હોવાથી આપણું લોકસાહિત્ય જીવિત રહી શક્યું, તેની સમૃદ્ધિ જાળવવાનું મહત્ત્વનું સાહિત્યિક કાર્ય તે ગણાવી શકાય.

યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ અને ત્યારબાદ થયેલી વિજ્ઞાન અને ટેકનોલોજીની ક્રાંતિના પરિણામે ભારતમાં અંગ્રેજોના આગમન પછી મુદ્રણયંત્રોની શરૂઆત થઈ. ત્યાર પછી વિવિધ ટેકનોલોજીનો વિકાસ ભારતમાં થયો. જેમાં રેલ્વે, ટેલિવિઝન, તાર ઉપરાંત સ્વતંત્રકાળ દરમિયાન અને સ્વાતંત્રપ્રાપ્તિ બાદ ભારતમાં વિવિધ સંદેશા વ્યવહારના માધ્યમોનો અને તેની ટેકનોલોજીનો ઝડપી વિકાસ થયો જેનો લાભ સાહિત્યને પણ ભરપૂર મળ્યો. સ્વતંત્રતા બાદ ઓડિયો, વિડીયો રેકોર્ડરની અને ટેલિવિઝનની ટેકનોલોજીનો ભારતમાં વિકાસ થયો, જેનો ઉપયોગ સાહિત્યના અને લોકસાહિત્યના સંશોધકોએ પોતાના કાર્યમાં ખપમાં લીધો. ટેકનોલોજીની મદદથી સંશોધનમાં તટસ્થતા,પારદર્શિતા અને શુદ્ધતા લાવવાના પ્રયત્નો કરી શાસ્ત્રીય અને શુદ્ધ કહી શકાય તેવું સંશોધન સંપાદન આરંભાયું. જેમાં ભગવાનદાસ પટેલ, શાંતિલાલ આચાર્ય, હસુ યાજ્ઞિક, જોરાવરસિંહ જાદવ વગેરે જેવા સંશોધકોનો સમાવેશ થાય છે. જેણે પોતાના સંશોધન કાર્ય દરમિયાન મળેલા પાઠનું કે સામગ્રીનું ધ્વનિ મુદ્રણ(ઓડિયો રેકોર્ડર) કરી, તેના આધારે તેના પાઠ અને બોલીનું વિશ્લેષણ કરી યોગ્ય અર્થઘટન સાથે સંશોધન- સંપાદન કર્યું જે આદર્શ કાર્ય ગણાય છે.


*વાઘેલા ગભરુ બી., શિક્ષણ સહાયક, શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ,ટીંબી, તા.જાફરાબાદ, જિ. અમરેલી,*
*Mo.9737244315, Email: vaghelagb11@gmail.com*

વર્તમાન સમયમાં ટેકનોલોજી અને માહિતી તકનિકના વિસ્ફોટનો સમયગાળો ગણાય છે. આ ટેકનોલોજીથી વિકસેલા વિવિધ નાના–મોટા યંત્રોના ઉપયોગથી સાહિત્ય સંશોધન-સંપાદનમાં ઘણી શાસ્ત્રીયતા, પાઠશુદ્ધતા, કલાત્મક તટસ્થતા અને અસરકારકતા લાવી શકાય છે.

લોકસાહિત્યનું શાસ્ત્રીય સંશોધન-સંપાદન કાર્ય કરવા માટે સંશોધકે નીચેના તબક્કાઓમાંથી પસાર થવાનું રહે છે.

આધારભૂત સામગ્રીનો પરિચય, સામગ્રીનો સંચય, મળેલી સામગ્રીનું વિશ્લેષણ, પાઠનું સંપાદન, અર્થઘટન.

સંશોધક આ તબક્કાઓમાંથી પસાર થઈને પોતાનું સંશોધન કાર્ય શાસ્ત્રીય રીતે કરી શકે છે. સંશોધક આ તબક્કાઓમાં જેટલો સમર્પિત થઈ પસાર થાય તેટલું સંશોધન શાસ્ત્રીય, શુદ્ધ અને પ્રમાણભૂત બને છે.

સંશોધકનું પ્રથમ પગથિયું પોતાના નક્કી કરેલા વિષય પર જે તે વિસ્તારમાં જઈ આધારભૂત સામગ્રીનો પરિચય કરવો, સંશોધક વિષયને અનુરૂપ નક્કી કરેલા વિસ્તારમાં જઈ પોતાના વિષયને અનુરૂપ આધારભૂત સામગ્રી મેળવવી અને તેને જુદા જુદા રૂપમાં એકઠી કરવી. ઉપરાંત માહિતીને જુદા જુદા માધ્યમથી મેળવવાના પ્રયત્ન કરવા. સાથોસાથ વિષયને અનુરૂપ સાંસ્કૃતિક બોલી, રીત-રિવાજો, પરંપરા વગેરેનું જ્ઞાન મેળવવું અપેક્ષિત છે. સંશોધકે સંશોધિત સામગ્રીને મૂળ અને શુદ્ધ રૂપે મળે તેવા પ્રયત્નો કરવા, તેણે નક્કી કરેલા વિસ્તારના ગીતો કે વાર્તાના પાઠની પ્રાપ્તિ માટે માહિતી દાતા પાસેથી વિવિધ રીતે પાઠ કે ગીત મેળવવા, તેનો સંગ્રહ કરવો વગેરે જેવી પ્રક્રિયામાંથી પસાર થતી વખતે વર્તમાન અદ્યતન ટેકનોલોજીના ઘણા સાધનોનો ઉપયોગ ખપમાં લય શકે છે.

**ટેપ રેકોર્ડર:**

શોધકાર્ય દરમિયાન પાઠ કે સામગ્રીના ધ્વનિ મૂળરૂપમાં સંગ્રહિત કરવા માટે ટેપ રેકોર્ડરનો ઉપયોગ કરી શકાય. ટેપ રેકોર્ડરના ઉપયોગથી મૂળ બોલી, મૂળ ઉચ્ચારણ અને લહેકો પકડી શકાય છે. હાલ અદ્યતન સાઉન્ડ રેકોર્ડર અતિ ધીમા આવજો પણ ગુણવત્તાયુક્ત રીતે ધ્વનિ મુદ્રિત કરી શકે તેવા સક્ષમ છે. જેમ કે, હાલ AI ના જમાનામાં PLAUD NOTE નાના કદના સાધનો શ્રેષ્ઠ ગુણવતાયુક્ત આવાજ ધ્વનિ મુદ્રિત કરી શકે તેવા અદ્યતન સાધનો ઉપલબ્ધ છે.

**વિડીયો કેમેરા:**

સંશોધન દરમિયાન ઘણી એવી સામગ્રી હોય છે જે ધ્વનિની સાથે દશ્ય રૂપમાં જોવાથી વધુ અસરકારકતાથી સમજી કે માણી શકાય. કેટલીક દશ્ય–શ્રાવ્ય સામગ્રીના સંચય માટે વિડીયો કેમેરા(વિડીયો રેકોર્ડર) ઉપયોગી છે. મૂળરૂપ સાહિત્યની સામગ્રીને સંગ્રહિત કરવા અદ્યતન ટેકનોલીજી વાળા વિડિયો કેમેરા ખૂબ ઉપયોગી છે. કોઈ સાંસ્કૃતિક પ્રસંગમાં ગવાતા લોકગીતો, પ્રસંગોચિત રજૂ થતી લોકવાર્તા કે અન્ય રીતરિવાજોમાં રજૂ થતી મૂળરૂપ સાહિત્યની સામગ્રીને સંગ્રહ કરવા અદ્યતન ટેકનોલોજી વાળા વિડિયો કેમેરા ખૂબ ઉપયોગી છે.

**S.d. કાર્ડ (સ્ટોરેજ ડિવાઇસ):**

મળેલી માહિતીનો સંચય કરવા માટે વર્તમાન સમયમાં એસ.ડી.કાર્ડ કે કોમ્પ્યુટર હાર્ડ ડિસ્ક જેવા વધુ માહિતી સંગ્રહિત રાખી શકાય તેવા કાર્ડ સુલભ છે. સંશોધનને લગતી માહિતીનો સંચય ડિજિટલઈજ કરી સાચવી શકાય છે અને યોગ્ય સમયે ફરી ઉપયોગમાં લઈ શકાય છે. ડેટા મેનેજમેન્ટનું કૌશલ્ય વાપરવાથી વિશાળ માહિતીને યોગ્ય ફોલ્ડર કે ફાઈલમાં સાચવીને જરૂર પડે ત્યારે ફરી તરત શોધીને ઉપયોગ કરી શકાય છે.

**સોફ્ટવેર ટેકનોલોજી :**

સંશોધકે મેળવેલી યોગ્ય સામગ્રીનો સંચય કર્યા બાદ તેણે મેળવેલા પાઠ, ગીત કે અન્ય સામગ્રીનું વિશ્લેષણ કરવાનું રહે છે, જેના માટે તેણે મેળવેલા વિવિધ સમાન પાઠોની તુલના અને ત્યારબાદ પોતે મેળવેલા અને અગાઉ જો કોઈ સંશોધકે પાઠ સંપાદિત કરેલા હોય તો તેની તુલના કરી પાઠ ભેદનું કાર્ય કરવાનું અપેક્ષિત રહે છે. આ ઉપરાંત પાઠ ભેદ નક્કી કર્યા પછી બોલીમાં મેળવેલા મૂળ પાઠની અન્ય પાઠ સાથે તુલના કરવાની રહે છે. જેમાં ટેકનોલોજીના માધ્યમથી સરળતાથી આ કાર્ય કરી શકાય છે. ધ્વનિ કે દશ્ય મુદ્રિત સામગ્રીને વારંવાર સાંભળી કે જોઈને જે તે પ્રદેશના બોલીના યોગ્ય ઉચ્ચારણો અને લિપિચિન્હો દ્વારા તેનો લેખિત પાઠ નક્કી કરવામાં સરળતા રહે છે. જેમાં સોફ્ટવેર ટેકનોલોજીના સાધનોના વિનયોગથી આ કાર્ય અસરકારક રીતે કરી શકાય છે. આ

ઉપરાંત મળેલી સામગ્રીનું બોલી, લોકવિદ્યા, સંસ્કૃતિ, ભાષા, શિષ્ટ સાહિત્ય ,રીત-રિવાજ, પરંપરા, સમય, સ્થળ, પરિસ્થિતિ, પ્રસંગ વગેરે બહુવિધ સંદર્ભે તેનું વિશ્લેષણ કરી યોગ્ય પાઠ નિર્ધારિત કરી તેનું સંપાદન કરવાનું રહે છે. આ બધી પ્રક્રિયામાં સોફ્ટવેર ટેકનોલોજીનો વિનિયોગ અસરકારક રીતે કરી સકાય છે. જેમાં AI Technology ના અદ્યતન સોફ્ટવેર જેવા કે Google Gemini, ChetGPT, ગ્રોક  એઆઈ અસિસ્ટેંટ વગેરે જેવા સોફ્ટવેર ઉપરાંત ફોટોશોફ્ટ, વિવિધ વોઇસ સોફ્ટવેર, વિવિધ અડિટીંગ સોફ્ટવેરનો ઉપયોગ કરી શકાય.

**સાહિત્ય સંપાદનમાં ટેકનોલોજીનો વિનિયોગ**

બધી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ મત્ત્વનો તબક્કો આવે છે પાઠ સંપાદનનો. સંપાદન પ્રક્રિયામાં વર્તમાન ટેકનોલોજીનો વિનયોગ અસરકારક બની રહે છે. લોકસાહિત્યમાં તેની મૂળ તળની બોલી, લહેકા સાથેના ઉચ્ચારણોમાં રજૂ થાય છે. મૂળરૂપે સંપાદિત કરવામાં આપણા લિપિ ચિન્હો મર્યાદિત પુરવાર થાય છે .ઘણા ઉચ્ચારણોના લિપિ ચિન્હો ઘણીવાર યોગ્ય રીતે ન મળતા હોવાથી નજીકના લિપિ ચિન્હો પ્રયોજી તેનું સંપાદન કરવાનું રહે છે. પરંતુ વર્તમાન સમયની કેટલીક અદ્યતન ટેકનોલોજીથી આ મર્યાદા દૂર કરી શકાય છે.

વર્તમાન સમયમાં વિકસેલી ક્યુ.આર. કોર્ડ તકનિકના વિનયોગથી જે તે ઉચ્ચારણ કે મૂળ પાઠ કે વીડિયોને ક્યુ. આર. કોર્ડ(quick-response code) ની મદદથી સંપાદિત કરી શકાય છે. ક્યુ. આર. કોર્ડ સિસ્ટમ દ્વારા સાહિત્યના સંપાદન દરમિયાન જે તે પુસ્તકમાં પાઠ કે ગીતની બાજુમાં ક્યુ.આર. કોર્ડ મૂકી શકાય છે.  આ ક્યુ. આર. કોર્ડ એ ડેટા છુપાવવાની નવી માહિતી તકનિક છે. જેમાં કોઈ વેબસાઈટ, ઈમેજ, ઓડિયો, વીડિયો વગેરેને ક્યુ.આર. કોર્ડના રૂપમાં સાચવી શકાય છે. ક્યુ. આર. કોર્ડને કૃતિ સાથે સંપાદિત કરીને મૂકવામાં આવે છે. જેને ઓપન કરવાની પદ્ધતિ અને સૂચના પણ તેની સાથે છાપવી અનિવાર્ય છે, જેના માધ્યમથી વાચક તેના પ્રત્યે સભાન થઈ તેનો ઉપયોગ કરી પાઠના ઓડિયો, વીડિયોને માણી શકે. વર્તમાન સમયમાં આ ક્યુ. આર.કોર્ડને સ્કેન કરીને વાપરવાની સુવિધા પણ લગભગ મોટાભાગના મોબાઈલ અને સ્માર્ટ ફોનમાં ઉપલબ્ધ બની છે. પુસ્તકમાં છાપેલા કોડને સૂચના પ્રમાણે સ્કેન કરીને તેમાં છુપાયેલા ઓડિયો-વીડિયો , ફોટો, એનિમેશન કે માહિતીને જોઈ અને મૂળ પાઠ-ગીત કે સામગ્રીનો અસરકારક અનુભવ કરી શકાય છે.

આ ઉપરાંત વર્તમાન સમયમાં સંશોધકે કરેલા સંશોધનને વિવિધ ડિજિટલ વીજાણુ માધ્યમના ઉપયોગથી સંપાદિત કરી શકાય છે. વર્તમાન સમયમાં ઇન્ટરનેટના માધ્યમથી વેબસાઈટ બનાવીને, વેબ પેજ બનાવીને, ઈ– જર્નલમાં એપ્લિકેશન સોફ્ટવેર બનાવી કોઈ નિશ્ચિત એપ્લિકેશન સોફ્ટવેરના માધ્યમથી પણ તેને વિજાણું રૂપે સંપાદિત કરી શકાય છે. જેનો લાભ લાભાર્થી કોઈપણ સ્થળેથી કોઈપણ સમયે લઈ શકે છે

પાઠ સાંસોધન-સંપાદન કરવાની પ્રક્રિયામાં લોકવિદ્યા, લોકપરંપરા, બોલી વગેરેનું જ્ઞાન અપેક્ષિત છે. જેના માટે વર્તમાન સમયમાં માહિતી તકનિકનો ઉપયોગ કરી માહિતી મોબાઈલ કે ઇન્ટરનેટ દ્વારા સરળતાથી મેળવી શકે છે. જેમાં ઇન્ટરનેટના માધ્યમથી વિવિધ સાહિત્યિક વેબસાઈટ, વિવિધ એપ્લિકેશન સોફ્ટવેર, વેબ પેજ કે અન્ય સંચાર માધ્યમોમાંથી સરળતાથી મેળવી શકાય છે. જેમાં ગુજરાતી લોકસાહિત્યના સંશોધકને ઉપયોગી એવી કેટલીક વેબસાઈટ નીચે મુજબ છે.

Shodhganga

Archives

Tahuko.com

Aksharnaad.com

Gujaratilexicon.com

Mtixa.com

Rankakaar.com

Jhaverchandmeghani.com

Gujaratsahityaparishad.org.

Sarthjodnikosh

Bhagawadgomandandal.Com

આ ઉપરાંત ઘણા ઈ–જર્નલ, ઈ–બુક અને વિવિધ સંદેશા વ્યવહારની એપ્લિકેશનમાં પોતાનું સાંસોધન પ્રકાશિત કરી શકે છે.

આમ, વર્તમાન સમયમાં લોકસાહિત્યના સંશોધન, સંપાદન માટે ટેકનોલોજીના વિનયોગથી સંશોધન અને સંપાદન કાર્ય વધુ અસરકારક, વધુ શુદ્ધ, વધુ શાસ્ત્રીય અને મૂળરૂપે રજૂ કરી શકાય છે. બીજા પક્ષે સંશોધક માટે જરૂરી જ્ઞાન અને માહિતીની જાણકારી માટે પણ ટેકનોલોજીના વિવિધ અદ્યતન માધ્યમો આશીર્વાદરૂપ છે.

**સંદર્ભઃ**


**લોકસાહિત્યનાઃ સંશોધકોસંપાદકો, સંપાદક- ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા અને ડૉ. દીપક પટેલ, પ્રકાશક- શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ**

**ધોરણ-12 ગુજરાતી પાઠ્યપુસ્તક, પ્રકાશક– પાઠ્યપૂસ્તકમંડળ,ગાંધીનગર**

**Whikipediya.com**